# ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન

## માર્ગદર્શન - બચાવ - સલાહ

## Advice – Rescue - Counseling

## મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ મહિલાનો તાત્કાલિક બચાવ

## Immediate respond to Women in Distress

# "અભયમ" – મહિલા હેલ્પલાઇન ૧૮૧

## સલાહ - મદદ – માહિતી

ગુજરાત રાજ્યની વિશેષતા એ છે કે પ્રત્યેક બાબતમાં આગવી રીતે પહેલ કરવી જેમકે GVK EMRI – મારફતે રાજ્યના તમામ જિલ્લાઓમાં અકસ્માત, ગંભીર આકસ્મિક તબીબી સમસ્યા, ગર્ભવતી મહિલાઓને ત્વરિત પ્રસુતિ માટે જરૂરી સાધન સામગ્રીથી સજ્જ ૧૦૮ એમબ્યુલન્સ વાહનની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે **"હેલ્પલાઇન"** ની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ અને GVK EMRI દ્વારા સંકલિત રીતે **"અભયમ"** હેલ્પલાઈન શરુ કરવાનો નિર્ણય લેવાયો છે.

પ્રથમ તબક્કે તા : ૪ ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ આ સેવા અમદાવાદ શહેર, સુરત શહેર તેમજ ગાંધીનગર જીલ્લામાં શરુ કરવામાં આવી હતી જેની સફળતા બાદ ૮ માર્ચ ૨૦૧૫ના રોજ માન. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે સમગ્ર રાજ્યમાં આ હેલ્પલાઈનનું અમલીકરણ શરુ કરવામાં આવેલ છે.

## અભયમ ૧૮૧ મહીલા હેલ્પલાઈનના મુખ્ય હેતુઓ

- મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાયેલ કોઇપણ મહિલાને ૨૪ કલાક તાત્કાલિક મદદ આપવી
- રાજ્યની મહિલાઓ અભય બની શકે અને તેમની સામે ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા અથવા તો દુર્વ્યવહાર કે છેડતી જેવી ઘટના વખતે તાત્કાલિક બચાવ, મદદ અને માર્ગદર્શન માટે જરૂરી માળખાઓ તૈયાર કરવા
- મહિલાઓને મદદરૂપ બનનાર વિવિધ માળખાઓને વધુ સુદ્રઢ બનાવવા

**અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલાને કટોકટીના સમયે અભયમ રેસ્કયુવાન દ્વારા તાત્કાલિક સહાય અને સેવાઓ આપવામાં આવે છે.**

- મહિલાઓના સશક્તિકરણ માટે મહિલાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી પૂરી પાડવી.
- મહિલાઓને તેની સમસ્યા સંદર્ભે માહિતી, માર્ગદર્શન તેમજ ટૂંકા અને લાંબા ગાળાનું સલાહ-સુચન આપવું

## અભયમ ૧૮૧ મહીલા હેલ્પલાઈનની સેવાનો ઉપયોગ કોણ કરી શકે ?

- કોઈ પણ કન્યા, યુવતી કે મહિલા આ સેવાનો ઉપયોગ કરી શકે છે
- મહિલાને મદદરૂપ બનનાર કોઇપણ પુરુષ આ સેવાનો ઉપયોગ કરી શકે છે
- અન્ય રાજ્યની મહિલા ગુજરાતમાં આવતા આ સેવાનો લાભ મેળવી શકે છે.

આ હેલ્પલાઈન ઉપર સંપર્ક કરનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવે છે

## અભયમ ૧૮૧ મહીલાને ક્યા-ક્યા પ્રકારની મદદ મળે છે?

૧. ફોન પર માર્ગદર્શન, સલાહ-સુચન

- કોઈ પણ પ્રકારની મુશ્કેલ સંજોગોમાં મુકાયેલી મહિલા અભયમ ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કરી, પોતાની તકલીફોનો ઉકેલ લાવવા મબાબતે નિષ્ણાતો અને તાલીમબદ્ધ કાઉન્સેલરો દ્વારા ટેલીફોનીક માર્ગદર્શન આપવામાં આવે છે.

અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર નિશુલ્ક (ટોલ ફ્રી) સંપકે કરી શકાય છે.

૨. હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ

- જો કોઈ મહિલા ઘરેલુ અથવા અન્ય પ્રકારની હિંસાનો ભોગ બની રહી હોય અથવા તેને એવો ભય હોય તો તે અભયમ ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કરી તાત્કાલિક મદદ મેળવી શકે છે. આ સ્થિતિમાં જરૂર જણાયે ૧૮૧ રેસ્કયુવાન એ મહિલાની મદદે પહોચી જાય છે.

આ હેલ્પલાઈનને રાજ્યમાં હાલમાં કાર્યરત અન્ય હેલ્પલાઈન જેવી કે પોલીસ હેલ્પલાઈન-૧૦૯૧, ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮, આકસ્મિક હેલ્પલાઈન ૧૦૮, મહિલા આયોગની હેલ્પલાઈન ૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧ વિગેરે સાથે પણ જોડવામાં આવેલ છે.

- જો કોઈ મહિલાને હિંસાનો ડર હોય તો તેને સલામત સ્થળે જવા માટે આ હેલ્પલાઈનની રેસ્ક્યુવાનની મદદ મેળવી શકે છે.

### ૩. ટૂંકા ગાળાનું અને લાંબા ગાળાનું કાઉન્સેલીંગ (સલાહ)

- મહિલાઓને તેમની સમસ્યા સંદર્ભે તાલીમબદ્ધ કાઉન્સેલરો દ્વારા ટૂંકા ગાળાનું કાઉન્સેલીંગ
- મહિલાઓની સમસ્યાના સંદર્ભે સ્થાનિક સ્તરે જાહેર કરેલ સંસ્થાઓ દ્વારા તેમજ વિશેષ સંજોગોમાં નિષ્ણાતો દ્વારા લાંબા ગાળાનું કાઉન્સેલીંગ

### ૪. મહિલાલક્ષી માળખાઓ અને યોજનાઓની માહિતી

- હેલ્પલાઈનનો હેતુ મહિલાઓની સહાય અને સુરક્ષાની સાથે સશક્તિકરણનો હોવાથી રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલી યોજનાઓ, તેના લાભો અને સંપર્કની વિગતો પણ મેળવી શકાય છે.
- કોઇ પણ મહિલા હેલ્પલાઈન ઉપર ફોન કરીને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ વિવિધ સરકારી માળખાઓની સેવાઓ જેવીકે મહિલા પોલીસ સ્ટેશન, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર, મફત કાનૂની સહાય, કુટુંબ સલાહ કેન્દ્ર, સ્વૈ.સંસ્થાઓ, રક્ષણ અધિકારી અને ગુજરાત રાજ્ય મહિલા આયોગની સેવાઓની માહિતી મેળવી શકે છે

**મહિલાને જરૂરી સેવા મળી છે કે નહી, તે સુનીચિત કરવા માટે હેલ્પલાઈન+ મહિલા +સેવા આપનાર સંસ્થા વચ્ચે કોન્ફરન્સ કોલ કરવામાં આવે છે.**

## સેવા દ્વારા મહિલાઓને કઈ-કઈ બાબતોમાં મદદ/માર્ગદર્શન મળી શકે?

- મહિલા સાથે થતી હિંસા (શારીરિક, જાતીય, માનસિક, આર્થિક તેમજ કાર્યના સ્થળે જાતીય સતામણી)
- લગ્ન જીવન તેમજ અન્ય સંબંધોના વિખવાદો
- જાતીય સતામણી, છેડતી અને બાળ જન્મને લગતી બાબતો
- કાનૂની જોગવાઈઓની પ્રાથમિક માહિતી
- સાયબર ગુનાઓ (ટેલીફોનીક ટોકિંગ, ચેટીંગ, એમ.એમ.એસ., ઇન્ટરનેટ)
- સરકારી કાર્યક્રમ, યોજનાઓ, સેવાઓ અને સહાયક માળખાઓની માહિતી

## અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન


ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ ગૃહ વિભાગ દ્વારા આ સેવા શરુ કરવામાં આવી છે. જે અંતર્ગત GVK EMRI મારફતે કોલ સેન્ટર ઊભું કરવામાં આવેલ છે, તેમજ સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત તાતા ઇન્સ્ટીટયુટ ઓફ સોશિયલ સાયન્સ (TISS) ના સહયોગમાં ઓપરેશન મોડ્યુલ તૈયાર કરી તે પ્રમાણે અને તેઓ દ્વારા સમગ્ર રાજ્યમાં તાલીમબદ્ધ ટીમ તૈયાર કરવામાં આવેલ છે.

**અભયમ ૧૮૧ હેલ્પલાઈનનો મુખ્ય ઉદેશ મહિલાને સંતોષકારક સહકાર આપવાનો હોવાથી જ્યાં સુધી તેને સંતોષકારક પ્રત્યુતર ન મળે ત્યાં સુધી તે ફોનને બંધ ન કરતા સ્થાનિક સ્તરથી ઉપરી અને તેના પણ ઉપરી અધિકારીને ટ્રાન્સફર કરવામાં આવશે.**

આ હેલ્પલાઈન ઘરેલુ હિંસા સહિત વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં મહિલાઓને તાત્કાલિક ધોરણે બચાવ-મદદ અને સલાહ તેમજ મહિલાલક્ષી યોજનાઓની જાણકારી પણ આપશે. સાથેજ પીડિત મહિલાને તેઓની જરૂરિયાત અનુસાર વિવિધ સ્તરે કાર્યરત મહિલાલક્ષી સરકારી માળખાંઓ જેવા કે, આશ્રયગૃહ, કાનૂની સેવા સતા મંડળ, કુટુંબ સહાય કેન્દ્ર, વિગેરે સાથે જોડાણ કરવામાં આવે છે.

હેલ્પલાઈન અંતર્ગત આપવામાં આવતી સેવાઓ મળેલ છે કે કેમ તેમજ તે સેવાથી તેઓ સંતુષ્ઠ છે કે કેમ તે સુનીચિત કરવા માટે બેક ઓફીસની રચના કરવામાં આવેલ છે, જે દ્વારા અભયમ ૧૮૧ હેલ્પલાઈન દ્વારા આપવામાં આવતી સેવાઓનું ફોલોઅપ કરવામાં આવે છે.

## અમલીકરણ માળખું :


અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પલાઈન અમલીકરણ માળખું
અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પલાઈન
હેલ્પલાઈન ટીમ
શહેરી તેમજ જિલ્લા મહિલા રેસ્ક્યુવાન ટીમ
મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ
રાજ્ય મહિલા આયોગ
પીડબલ્યુડીવીએ-૨૦૦૫ હેઠળની સર્વિસ પ્રોવાઇડર સંસ્થા
સ્વૈચ્છિક સંસ્થા
આશ્રયગૃહ
મેડિકલ ફેસીલીટી (આરોગ્ય સેવા)
કુટુંબ સલાહ કેન્દ્ર
પોલીસ સહાય /પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર
કાનૂની સલાહ કેન્દ્ર
દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી

- રેસ્કયુવાન




- ૧૮૧ અભયમ ફિલ્ડ ટીમ




¥¥¥¥¥¥¥¥